વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૧ : અંક - ૨૧-૨૨ ❋ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ❋ તંત્રી : નમ્રતા બાલી ❋ પ્રકાશન : નવેમ્બર-૬,૨૨, ૨૦૨૩

## નવેમ્બર ૨ અસંગઠિત મહિલા કામદાર આંતરરાષ્ટ્રીય દિન

નવેમ્બર ૨, ૨૦૨૩ની શરુઆત સવારે વિક્ટોરિયા ગાર્ડનના વડલે થઇ. આ જગ્યાનું ઐતિહાસિક મહત્વ એ છે કે અહીં સેવાની સહુથી પહેલી ૫૧ વર્ષ પહેલાં મિટીંગ થયેલી. સેવાએ ૫૦ વર્ષ પૂરાં કર્યા ત્યારે આ જગ્યાએ ઈલાબેને આવતા ૫૦ વર્ષના આયોજનમાં વડલો રોપેલો. અહીં સેવાના ૧૮ રાજ્યોના પ્રધાનમંત્રી, ઈલાબેનના દીકરી અમીબેન અને પૌત્ર રામેશ્વર જોડાયા. સમય સરી ગયો પણ ઈલાબેન દરેક બેનોમાં છે તેવું લાગે છે. સહુએ પ્રયાણ કર્યું સેવા ભણી.




નવેમ્બર ૨ ને અસંગઠિતક્ષેત્રના સ્ત્રી કામદારોનો આંતરરાષ્ટ્રીય દિવસ જાહેર કરી પોસ્ટરનું અનાવરણ કરતાં જ્યોતિબહેન, હિદાયતભાઈ, સ્વેતલાનાબહેન, મનાલીબહેન અને રેનાનાબહેન

સેવા ચોકમાં સેવાના ૧૮ રાજ્યોના પ્રતિનિધિઓ હાજર હતાં. ઈલાબહેનના કામોને આગળ ધપાવવા, સાથે સાથે આઈ.યુ.એફ. કે જે ગ્લોબલ યુનિયન ફેડરેશન છે તેના પ્રતિનિધિ હિદાયતભાઈ અને સ્વેતલાનાબહેન જોડાયેલાં. સેવાના પ્રધાનમંત્રી જ્યોતિબહેને આ પ્રસંગે સંબોધતા જણાવ્યું કે, સેવાના ૫૦ વર્ષમાં સંગઠન મજબૂત બન્યું છે. ઈલાબહેનને ગયે એક વર્ષ વીત્યું. સંગઠનમાં ૨૧ લાખથી ૨૫ લાખની સભ્ય સંખ્યા થઇ છે. સેવાના ૫૦ વર્ષની ઉજવણી કરી ત્યારે આપણે નક્કી કરેલું કે, સેવાના ૧૦૦ વર્ષ

ઊજવીશું. આપણી મિલકત તે સંગઠન અને મૂલ્યો છે. એકતા અને સેવાનો વિચાર છે. સભ્યો જ આપણી તાકાત છે જે ૧૦૦ વર્ષની દિશા સુચવશે. ઈલાબહેને આ જ સેવાચોકમાં સતત ૩૦ બૌધિકશાળા કરી. સેવાના સૌ પોતાની મેળે વિચારતાં શિખ્યાં. જુદા-જુદા વિચારો ઉપર. જયારે હું છેલ્લે મળેલી ત્યારે મારો હાથ ઈલાબહેને પોતાના હાથમાં લઈને કીધું કે, ‘‘હમ સબ એક હૈ’’. આપણે એકતા ઉપર ટક્યા છીએ અને ટકીશું તો જ ૧૦૦ સાલ જરૂર પૂરા કરીશું. કરેંગે! કરેંગે!

## નવેમ્બર ૨ હવે અસંગઠિતક્ષેત્રના સ્ત્રી કામદારોનો આંતરરાષ્ટ્રીય દિવસ

આઈ.યુ.એફ. ગ્લોબલ યુનિયન ફેડરેશને તેના ૧૨૬ દેશોના ૪૪૦ યુનિયનો તરફથી ઈલાબહેનને સન્માન આપતાં અસંગઠિતક્ષેત્રના સ્ત્રી કામદારો માટે ૨ નવેમ્બરને આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે સેવા ચોકમાં ૨ નવેમ્બર, ૨૦૨૩ના રોજ જાહેર કર્યો.

આઈ.યુ.એફ. એ ખોરાક, ખેતી, હોટલ-રેસ્ટોરન્ટ, કેટરીંગ, તમાકુ સાથે સંબધિત કામદારોના સંગઠનનું ગ્લોબલ યુનિયન ફેડરેશન છે જેની સાથે દુનિયાના ૧૨૬ દેશોના કરોડો કામદારો જોડાયેલાં છે. સેવા આઈ.યુ.એફ.ની સભ્ય છે. આઈ.યુ.એફ.એ જીનીવામાં તેની ૨૮મી કોંગ્રેસ જે જૂન ૨૦૨૩માં મળેલી, તેમાં ઈલાબહેનના અસંગઠિતક્ષેત્રના અસાધારણ અમૂલ્ય ફાળાને ધ્યાનમાં લઈને ૧૨૬ દેશોની સર્વસંમતિથી ઠરાવ પસાર કરીને ૨ નવેમ્બરને આંતરરાષ્ટ્રીય દિવસ જાહેર કર્યો. આ ઠરાવનો ઉદેશ્ય અસંગઠિતક્ષેત્રના સ્ત્રી કામદારોનો અવાજ, દ્રશ્યતા અને માન્યતા (વોઈસ, વિઝીબીલીટી, વેલીડેશન) મળે તે છે. આ પ્રસંગે આઈ.યુ.એફ.ના એશિયા પેસિફિકના પ્રધાનમંત્રી હિદાયતભાઈ



**હિદાયતભાઈનું પ્રાસંગિક પ્રવચન**

તેમજ આઈ.યુ.એફ.ના આંતરરાષ્ટ્રીય ઓફિસર સ્વેતલાનાબહેન જે ખેતી અને પ્લાન્ટેશનના ઉપરી છે તેમણે સેવાચોકમાં આ દિવસની જાહેરાત તેનું પોસ્ટરના અનાવરણ કરીને કર્યું. ‘‘આ અમારું સન્માન છે’’, તેમ સેવાના બહેનોએ કહ્યું. આ ભારતની દરેક ગરીબ બહેનોનું સન્માન છે.

આ પોસ્ટર એશિયાની ૧૪ જુદી જુદી ભાષાઓમાં આઈ.યુ.એફ.એ તૈયાર કર્યા છે. સેવા આઈ.યુ.એફ.ની સભ્ય બનીને, આગેવાની લઈને અસંગઠિતક્ષેત્રને આંતરરાષ્ટ્રીય સ્તર પર આગળ વધારવા રસ્તો બતાવ્યો છે અને પ્રેરણા આપી છે. ‘‘જયારે ઈલાબહેનના અવસાનના સમાચાર મળ્યાં ત્યારે અમે વિચાર્યું કે, આપણે શોકમગ્ન નથી થઇ જવાનું, કામ આપણું છે આપણે આગળ વધારવાનું છે માટે જ ૨ નવેમ્બરને આંતરરાષ્ટ્રીય દિન જાહેર કરી અસંગઠિતક્ષેત્રના સ્ત્રી કામદારોના અવાજ, દ્રશ્યતા, માન્યતા માટે અમે મજબૂતાઈથી કામ કરીશું,’’ તેમ હિદાયતભાઈએ જાહેર કર્યું.

ઈલાબેનના કામ અને વિચારોની, સેવાના સંગઠન અને આગેવાનીની અસર દેશ પરદેશમાં પડી છે અને તેની યાદમાં, તે મૂલ્યો મજબૂત કરવા આ દિવસ જાહેર કરે છે.

સ્વેતલાનાબહેને જણાવ્યું કે, શ્રમિક બહેનોની સંગઠિત તાકાતની ઉજવણી તે ૨ નવેમ્બર છે.



**શ્રમિક બહેનોની સંગઠિત તાકાતની ઉજવણી તે ૨ નવેમ્બર છે, એમ કહેતાં સ્વેતલાનાબહેન**

જેન્ડર ઈન ઈકવાલીટી એટલે વેતનની અસમાનતા જેવા મુદ્દાઓ ઉપર કામ કરવાની જરૂર છે. ગયા અઠવાડિયે હું આઈસલેન્ડમાં હતી જે જેન્ડર ઈક્વાલીટી માટે જાણીતું છે ત્યાં સમાન વેતન મેળવવા માટેની મોટી હડતાલ હતી અને સૌએ સેવાના સંગઠન અને આગેવાનીના મૂલ્યો યાદ કર્યા.

દરેક યુનિયન આ દિવસે અસંગઠિત મહિલા કામદારની સભ્ય સંખ્યા વધારશે, તેના કામની અનુકૂળતા વધારશે, મજૂરી મહેનત ઓછી કરશે અને રોજીરોટી વધારશે અને તે માટે ઠેરઠેર સંગઠનો ઉભા કરશે.

રેનાનાબહેને સેવાના ઈતિહાસને વાગોળતાં કહ્યું કે, આપણે 'સેવા રિસેપ્શન સેન્ટર' કેમ કહીએ છીએ? જયારે આપણે મજૂર મહાજનમાં બેસતા હતાં ત્યારે સભ્ય બેનો જોડે મિટીંગ કરવાની કોઈ જગ્યા ન હતી ત્યારે આઈ.ટી.જી. એલ.ડબ્લ્યુ.એફ. ગ્લોબલ યુનિયન ફેડરેશનના પ્રધાનમંત્રી ચાર્લ્સભાઈને સેવાનું કામ બહુ ગમેલું અને પૂછ્યું કે, તમને શું જોઈએ છે? ત્યારે ઈલાબેહેને કહેલું કે, એક જગ્યા એવી આપો કે જ્યાં બહેનો ખુશીથી આવે, તેમને પોતાપણું લાગે, શાંતિથી બેસી શકે, વાત કરી શકે. આવકાર લાગે. સ્વાગત લાગે. તો ચાર્લ્સભાઈએ કહ્યું કે ઓહ, તમને બહેનોને રીસીવ કરવા રિસેપ્શન સેન્ટર જોઈએ છે! ત્યારથી આપણા સેવાના બિલ્ડીંગની બહાર 'સેવા રિસેપ્શન સેન્ટર' નામ પડ્યું. અમદાવાદમાં, અરે દેશમાં ગરીબ અસંગઠિત બહેનોને આવકારતું આ પહેલું સેન્ટર હતું. એ વખતે ઈલાબહેને મારી, રંજનબહેન, નીરુબહેનની ટીમ બનાવી જેથી દેશના જુદાં-જુદાં રાજ્યોમાં સેવા હોય.

ઈલાબહેન ૧૯૮૫માં સાંસદ સભ્ય હતા ત્યારે સમગ્ર દેશમાં ભ્રમણ કર્યું અને જોયું કે, શ્રમજીવી બહેનોની પરિસ્થિતિ સમગ્ર દેશમાં એક સરખી જ છે! ખૂબ કામ. ઓછા પૈસા. બચત નહીં. આવડત ખરી. તેમણે એ વખતે મનમાં ગાંઠ વાળેલી કે, અમદાવાદનું સેવા રિસેપ્શન સેન્ટર તે માત્ર અમદાવાદનું નહીં પણ દેશના રાજ્યોની દરેક સેવાનું રિસેપ્શન સેન્ટર બને! તેમનું સપનું સાકાર થયું. અને હવે દુનિયાની સૌ મહિલા કામદારોનું અહીં સ્વાગત થશે.

"આજે ઈલાબહેનની સ્મૃતિદિને આવવાનો મોકો મળ્યો. હું ધન્યતા અનુભવું છું, કહેતા માર્ટીબહેન. આ સેવાચોકમાં હું પહેલી વાર ૪૪ વર્ષ પહેલાં આવીને ઈલાબહેનને મળી હતી. રેનાનાબહેન અને બીજા સેવાના બહેનોને પણ મળી હતી. આપણા સૌ માટે ઈલાબહેન આપણી માં, બેન, ગુરુ અને એક ખાસ દોસ્ત હતા અને રહેશે. હા પણ એ વાત છે કે, દુનિયાભરમાં 'સેવાબેન'ની સ્મૃતિ જીવંત છે. આજ દેશ પરદેશમાં શ્રમજીવી બહેનો તેમને વારંવાર યાદ કરે છે. મારી આશા છે કે, ૨ નવેમ્બર એ એક આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઓળખાય. તો શ્રમજીવી કામદારોના દિલમાં ઈલાબહેનની સ્મૃતિ જીવંત રહે, સંગઠન થાય, બચત થાય, ગરીબી ઘટે. "હમ સબ એક હૈ" તે વાત આગળ ચલાવાની છે.



**આર્યલેન્ડના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મેરી રોબિન્સનબેનનો વિડિયો દ્વારા સંદેશ**

ત્યારબાદ, આર્યલેન્ડના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ તેમજ એલ્ડર્સ જેમાં ઇલાબહેનના સાથી હતાં તે મેરી રોબિન્સન્સ, આઈ.યુ.એફ.ના પ્રધાનમંત્રી સ્યુ લોંગલીબહેન અને કેનેડાની કોડી સંસ્થાના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર ઈલીનબહેને પોતાના સંદેશા આ દિવસે વિડીયો દ્વારા આપ્યા કે ઈલાબહેનનું કામ સૌ ગરીબોનું કામ છે, બહેનોનું કામ છે. કામદારોનું કામ છે અને એક સૌમ્ય ક્રાંતિ છે.

ત્યારબાદ, આ કાર્યક્રમ ''હમ સબ એક હૈ'', ''સેવા સંગઠન ઝિંદાબાદ'', ''દરેક બહેન ઇલાબેન''ના નારાથી સેવા ચોક ગુંજી ઊઠ્યો. સેવા એટલે ચળવળ અને સેવા એટલે સંસ્થા તે બેઉના દર્શન થયા.

બોલતી ભીંત : સાંભળો છો?

ઈલાબહેનનું સપનું તે 'બોલતી ભીંત'નું અનાવરણ થયું અને ૭૨ જૂદા-જૂદા ધંધાની કામ કરતી શ્રમજીવી બહેનોનાં ફોટા ભીંત ઉપર લાગેલાં તેમજ સેવાનો વડલો, સેવાના વિઝનથી સેવાચોક હસી ઊઠ્યો. આ પ્રસંગે બોલતા મેં જણાવ્યું કે, આજનો દિવસ ઇલાબહેનને અર્પણ છે. દરેક ગરીબ કામદાર બહેનોને અર્પણ છે. ઈલાબહેનનું દૃઢ માનવું હતું કે, શ્રમજીવી બહેનો રચનાત્મક, સર્જનાત્મક હોય છે અને પોતાના કામથી દુનિયાને બહેતર બનાવે છે અને આ જ આપણી બહેનોથી આપણે આજે ઘેરાયેલાં છે. 'બોલતી ભીંત' પર ઇલાબહેન સાથે કામ કરવાનું શરુ કર્યું ત્યારે મનમાં ઘણા સવાલો ઊઠેલાં...

ભીંત કેમ બોલતી અને ભીંત કેમ? પણ આપણે સહુ એ સેવામાં આ અસંગઠિતક્ષેત્રના શ્રમજીવી બહેનોના અવાજ, દ્રશ્યતા અને માન્યતા માટે કામ કર્યું છે જે આ ભીંતો દર્શાવે છે. આ બહેનોનો આપણા અર્થતંત્રમાં બહુ મોટો ફાળો છે પણ આ ફાળાને ના તો માલિક કે ના તો કામદાર અને ના તો એમનો પરિવાર કે જેના માટે આ બહેનો કામ કરે છે તેઓ તેમના ફાળાને અહમીયત આપે છે કે ના સન્માન. તો પણ, આ અદ્રશ્ય હાથ કામ કરતાં જ રહે છે. કામ જ આ શ્રમજીવીઓની જિંદગીનું — ઓળખનું મધ્યબિંદુ છે. જે તેમની જિંદગીને એક અર્થ આપે છે અને આ જ વિચારોથી 'બોલતી ભીંત'નો જન્મ થયો.



''બોલતી ભીંત''નું અનાવરણ

આ તસ્વીરોનું આપણે બારીકાઈથી અધ્યયન કરીશું તો દેખાશે કે, જે ઘરમાં બેસીને બીડી-અગરબત્તી-પાપડ વણે છે કે ખેત-ખલિહાનોમાં કામ કરે છે કે જે બજારોમાં ફળ-શાકભાજી વેચે તે આ બહેનો નીડરતાથી સાથે મળીને આપણને આગળ લઈ જશે. એટલે કે, આપણે આપણા ધર્મ, કામ, સ્થાન, આવક અને સામાજિક અંતરો ધ્યાનમાં લીધા વગર એક થયા છીએ અને આવતાં ૫૦ વર્ષ થઈશું. ગરીબ કામદાર બહેનોની એકતાથી શાંતિ સ્થપાય છે તેને જ ઈલાબહેન 'અનુબંધ' કહે છે.

આ શ્રમજીવીઓની તસ્વીરોને 'સેવા ચોક'માં લગાવવાનો હેતુ ત્યાં સુધી પૂરો નહીં થાય કે જ્યાં સુધી આપણે આ ભીંતોને સાંભળીશું નહીં, અનુભવીશું નહીં અને આ કામદાર બહેનોના કામને ઓળખીશું નહીં ત્યાં સુધી 'બોલતી ભીંત'નો હેતુ નહીં સરે. આનાથી એ પ્રયત્ન કર્યો છે કે, આ બહેનોના અવાજને સાંભળનાર સમાજ બને. જો બહેનો એકબીજાને સાંભળે, સમજશે, અને સંગઠિત થશે, જો સમાજ આ કામદાર બહેનોને સાંભળશે, સમજશે અને સંવેદનાથી સહકાર આપશે તો આપણું ''દૂસરી આઝાદી''નું શિખર હાંસલ થશે.

જ્યારે સૌથી વિપરિત કાળમાં સૌ બહેનો સાથે રહીશું ત્યારે, એકતાનો આંતરનાદ સાંભળીશું, ટીપે ટીપે સાગર સમા જોઈશું ત્યારે આ કામદાર બહેનોનું, કામદાર બહેનો માટેનું, અને કામદાર બહેનો દ્વારા રચેલી બોલતી ભીંતો સાર્થક થશે, ત્યારે એકતાની અનંત અજાયબી સમજાશે અને હાંસલ થશે.



''બોલતી ભીંત'' પરની પુસ્તિકા

"બોલતી ભીંત"ની એક ઝલક...

**WALLS THAT SPEAK**



"અનુબંધ" એ આ દુનિયામાં અમારી ઓળખાણ છે.



સરીતાબહેન, બંગડી કામદાર, ઉજ્જૈન, મધ્યપ્રદેશ



શકીલાબહેન, બાંધણી બાંધનાર, જયપુર, રાજસ્થાન



ઈશાબહેન સોલંકી અને પશીબહેન, ડમ્પ સાઈટ, વેસ્ટ રિસાયકલર્સ, અમદાવાદ



લાબન્યા નાથ, વણાટ કામદાર, આસામ



એડીકવ્યુબેન અકામી, ખેતમજુર, ફેક, નાગાલેન્ડ

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23
Issued by S.S.P. Valid up to 31-12-2023.
Ahmedabad P.S.O.
6, 22-11-23



સજનબહેન ચૌહાણ, પશુપાલક, અમદાવાદ

આ ભીંતોને બોલતી કરતાં બે વર્ષ લાગ્યા કારણ, એક-એક તસ્વીરને બારીકાઈથી જોઈ છે. આ સાથે આ તસ્વીરોમાંની બહેનોના કામ જે જણાવતી વિગતો સાથે તેમજ તેના દરેક પાનાં પર ઈલાબહેનના અવતરણ સાથેની એક ચોપડીનું અનાવરણ થયું અને જુસ્સાથી સેવાને ૧૦૦ વર્ષની કરવાના સંકલ્પ સાથે દેશ પરદેશના મહેમાનો સહુ છૂટા પડ્યા. **- મનાલી**

❑

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6, 22-11-23**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001